દિવ્ય ભાસ્કર

# મુંબઈમાં અચુક નિદાનની સુવિધા સાથે 300 બેડની કેન્સર હોસ્પિટલ બનાવાશે

## ▪ ઉચ્ચ કક્ષાની નર્સો તૈયાર કરવા માટે નર્સિંગ એક્સલન્સ પ્રોગ્રામ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ



મુંબઈમાં 300 બેડની હોસ્પિટલ સાથે નવી કેન્સર કેર ઈન્સ્ટિટ્યૂટની સ્થાપવામાં કરવામાં આવશે, જેમાં આધુનિક ટેકનોલોજી, ઉપચાર અને ઓન્કોલોજીમાં વૈશ્વિક શ્રેષ્ઠ વ્યવહારો જેવી સુવિધા રહેશે, એવી ઘોષણા લીલાવતી હોસ્પિટલ દ્વારા કરવામાં આવી હતી.

આ સમયે ઉપ મુખ્ય મંત્રી એકનાથ શિંદે, આઈટી મંત્રી આશિષ શેલારે હોસ્પિટલ માટે જગ્યા ફાળવવામાં સરકાર તરફથી બનતી સહાય કરાશે એવું આશ્વાસન આપ્યું હતું.આ સમય પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈક, સાંસદ ડો. શ્રીકાંત શિંદે, યુએસએ સ્થિત માયો ક્લિનિકના સીઓઓ બિજુ સમકુટ્ટી, લીલાવતીના સંસ્થાપક અને કાયમી ટ્રસ્ટીઓ ચારૂ મહેતા, રાજેશ મહેતા, પ્રશાંત મહેતા, રાજીવ મહેતા પણ હાજર હતા. નવી હોસ્પિટલ દર્દી વિશિષ્ટ પરિબળો પર આધારિત ઉપચાર પ્રદાન કરશે, જેથી દરેક દર્દીને પર્સનલાઈઝ્ડ અને અસરકારક સંભાળ મળે તેની ખાતરી રહેશે. ઉચ્ચ ગુણવત્તાની સંભાળ અહીં મળવાની હોવાથી દર્દીઓને ઉપચાર માટે વિદેશ સુધી લાંબા નહીં થવું પડે, જેથી સમય અને ખર્ચની બચત થશે.ઉપરાંત તબીબો, સંશોધકો, સપોર્ટ સ્ટાફ માટે નોકરીની તકો ઊભી થશે. ઈન્સ્ટિટ્યૂટમાં કેન્સરના વહેલા અને અચૂક નિદાન માટે એઆઈ- પ્રેરિત નૈદાનિક સાધનો પણ રખાશે, જેથી દર્દી પરિણામો અને હયાતિ દરોમાં સુધારણા થઈ શકે. ઉપરાંત કેન્સરનાં જોખમો, લક્ષણો અને પ્રતિબંધાત્મક પગલાં વિશે જાગૃતિ ફેલાવવામાં આવશે. આ સાથે લીલાવતીએ નર્સિંગ એક્સલન્સ પ્રોગ્રામ શરૂ કરવા માટે યુએસએની પ્રસિદ્ધ માયો ક્લિનિક સાથે સમજૂતીત કરાર પણ કર્યા છે, જેનાથી વિશિષ્ટ તાલીમ અને વિકાસ થકી નર્સિંગ સ્ટાફના કૌશલ્ય અને જ્ઞાનમાં વધારો કરાશે. આ ભાગીદારીમાં નર્સિંગ એક્સલન્સ શિક્ષણ, નર્સિંગ ગુણવત્તા અને દર્દી અનુભવ, દર્દી અને સ્ટાફની સુરક્ષા, નર્સિંગ શાસન અને લીડરશિપ વિકાસ, ઓનબોર્ડિંગ, ઓરિયેન્ટેશન અને સ્ટાફ વિકાસ તથા નર્સ સક્ષમતા જેવાં ક્ષેત્રોને આવરી લેવાશે, એવી ઘોષણા પણ કરાઈ હતી. આ પ્રોગ્રામ પૂર્ણ કરવા પર નર્સોને માયો ક્લિનિક તરફથી સર્ટિફિકેટ પણ પ્રાપ્ત થશે.

### મુખ્ય મંત્રીએ પણ ખુશી વ્યક્ત કરી

દરમિયાન દાવોસથી મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું તકે લીલાવતી હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર મુંબઈ અને માયો ક્લિનિક યુએસએનું જોડાણ હેલ્થકેર ક્ષેત્રમાં નવો પ્રવાસ હોવા સાથે માનવતાની સેવા પણ છે. નર્સિંગ તાલીમ કાર્યક્રમ દેશમાં નર્સિંગ શિક્ષણમાં ક્રાંતિ લાવશે અને દર્દી સંભાળમાં નવું ધોરણ સ્થાપિત કરશે. માયો ક્લિનિકે ગુજરાતના ગાંધીનગરમાં અત્યાધુનિક હોસ્પિટલ ઊભી કરવા માટે ટેક્નિકલ ભાગીદારી પણ કરી છે.